ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૮ | ૮ એપ્રિલ, ૨૦૨૦, બુધવાર; ચૈત્ર સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

હજુ, દેશભરમાં લોકડાઉન લંબાવવાની વધતી શક્યતા

કોરોના વાયરસના વધતા જતાં કેસો વચ્ચે લોકડાઉનને વધારી દેવા મોદી સરકારની વિચારણા : ટ્રેનો બંધ જ રહેશે : તેલંગાણા સહિતના કેટલાક રાજ્યો દ્વારા લોકડાઉનની અવધિને વધારી દેવાની વિનંતી બાદથી ગંભીરતાપૂર્વક વિચારણા

નવીદિલ્હી, તા. ૭

દેશમાં ૧૪મી એપ્રિલ સુધી જાહેર ૨૧ દિવસના લોકડાઉનને લઈને જોરદાર સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. લોકડાઉનને લંબાવવામાં આવશે કે કેમ તેને લઈને જોરદાર અટકળો ચાલી રહી છે. એવા અહેવાલ આવી રહ્યા છે કે, કોરોના વાયરસના કેસોમાં દિનપ્રતિદિન ઝડપથી વધારો થઈ રહ્યો છે જેના પરિણામ સ્વરુપે દેશમાં જારી ૨૧ દિવસના લોકડાઉનના ગાળાને લંબાવવામાં આવી શકે છે. સરકારના સુત્રોએ કહ્યું છે કે, કેટલીક રાજ્ય સરકારોએ કેન્દ્ર સરકારને લોકડાઉનના ગાળાને વધારી દેવા માટે અપીલ કરી છે. કેન્દ્ર સરકાર રાજ્યો તરફથી કરવામાં આવેલી અપીલ પર વિચારણા કરી રહી છે. અનેક રાજ્યો અને નિષ્ણાતોએ કેન્દ્ર સરકારને દેશમાં જારી લોકડાઉનને વધારવા માટેની અપીલ કરી દીધી છે. કેન્દ્ર સરકાર દ્વારા નિષ્ણાતો પાસેથી અભિપ્રાય લેવામાં આવી રહ્યા છે. દેશમાં કોરોના વાયરસની વધતી જતી સંખ્યા રોકવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૫મી માર્ચના દિવસે દેશમાં ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત કરી હતી. આ લોકડાઉનની અવધિ ૧૪મી એપ્રિલના દિવસે પૂર્ણ થઈ રહી છે. થોડાક દિવસ પહેલા એવા અહેવાલ આવ્યા હતા કે, કેન્દ્ર સરકાર લોકડાઉનની અવધિને દૂર કરી શકે છે જે કોરોનાના હોપસ્પોટ તરીકે નથી તે વિસ્તારમાં લોકડાઉનના ગાળાને ખતમ કરી શકાય છે. હવે એવા અહેવાલ આવ્યા છે કે, લોકડાઉનના ગાળાને

● અનુસંધાન પાન-૭ પર

નાસે રોગ, હરે સબ પીરા, જપત નિરંતર હનુમંત વીરા

કષ્ટભંજક હનુમાનજી મહારાજના પાવન પ્રાગટ્ય પર્વે પ્રાર્થીએ કે, વૈશ્વિક મહામારી સામે લડી રહેલ માનવજાતમાં આત્મબળ પ્રગટાવો.... સાથોસાથ કોરોના મહામારીને મૂળમાંથી સમાપ્ત કરવાની શક્તિ માનવજાતને આપો... અમે મા-ભારતીના સંતાનો આપની અમાપ અને અખૂટ શક્તિથી પરિચિત છીએ ત્યારે ભારતીયોની રક્ષા કરો એવી આપના ચરણોમાં પ્રાર્થના....

પહેલાં દેશ બાદમાં જરૂર હશે ત્યાં કરીશું મદદ : ભારત

૨૪ દવાઓની નિકાસ કરવા ભારત અંતે સહમત : મોદી અને ટ્રમ્પ વચ્ચે વાતચીત બાદ નિર્ણય : વિટામીન બી-૧ તેમજ બી-૧૨ સહિત ૨૪ ફાર્મા સામગ્રી, દવા પર નિકાસ પ્રતિબંધ હળવા : અમેરિકાને મદદ કરાશે

નવી દિલ્હી, તા. ૭

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ધમકી આપ્યા બાદ ભારતે આજે વિટામીન બી૧ અને બી૧૨ સહિત ૨૪ ફાર્મા સામગ્રી અને દવા પર નિકાસ પ્રતિબંધોને હળવા કરવાની જાહેરાત કરી છે. વિદેશ વેપાર મહાનિર્દેશક (ડીજીએફટી)ની સુચના અનુસાર પેરાસીટોમોલ અને અન્ય દવાઓ ઉપર નિકાસ નિયંત્રણો પહેલાની જેમ જ અમલી રહેશે. ડીજીએફટી દ્વારા ત્રીજી માર્ચના દિવસે ૨૬ દવા સામગ્રી અને તેમની યોગીક દવાઓ અને લગતી દવાઓની નિકાસ પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી હતી જે હેઠળ નિકાસકારોને નિકાસ માટે બીજીએફટી પાસેથી લાયસન્સ લેવાની જરૂર હતી. બીજી બાજુ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, જો ભારત અપીલ કરવામાં આવી હોવા છતાં અમેરિકાને હાઈડ્રોક્સીક્લોરોક્વીન દવાની નિકાસની મંજુરી આપશે નહીં તો તેના માટે મુશ્કેલી સર્જાશે. ગયા સપ્તાહમાં જ ટ્રમ્પે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ મદદની માંગ કરવામાં આવી છે. ભારત અમેરિકામાં હાઈડ્રોક્સીક્લોરોક્વીનના વેચાણને બહાલી આપે તેવી રજૂઆત કરવામાં આવી હતી. આના કલાકો બાદ જ જુદી જુદી પ્રતિક્રિયાઓ આવી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે, ભારત અમેરિકાના નજીકના સાથી તરીકે છે. અમેરિકામાં કોરોના વાયરસના દર્દીઓની વધતી જતી

● અનુસંધાન પાન-૭ પર

વિશ્વભરમાં કોરોનાના કેસ ૧૩ લાખથી વધુ : ૭૫ હજારથી વધુ મોત

૨૦૯થી વધુ દેશોમાં કોરોના વાયરસ : અમેરિકા, ઇટાલી, સ્પેન,જર્મની અને ફ્રાન્સ જેવા દેશોમાં સ્થિતી વધુ ખરાબ : કોરોના વિરુદ્ધ દુનિયાની લડાઇ જારી

નવી દિલ્હી,તા. ૭

કોરોના વાયરસથી હવે

દુનિયાના કોઇ દેશ બચી શક્યા નથી. દુનિયાના ૨૦૯ દેશોમાં તેનો આતંક હાલમાં જારી રહ્યો છે. દુનિયાના દેશોમાં કોરોના વાયરસના કારણે હજુ સુધી ૭૪ હજારથી વધારે લોકોના મોત થયા છે અને ૧૩ લાખ કરતા વધારે કેસો સપાટી પર આવી ચુકયા છે. સૌથી ચિંતાજનક બાબત તો એ છે કે ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૭૩૫૩ કરતા વધારે રહેલી છે. રિકવર પણ મોટી સંખ્યામાં લોકો થઇ રહ્યા છે. જો કે સ્થિતીને સામાન્ય બનાવી દેવા માટેના પ્રયાસો યુદ્ધના સ્તર પર તમામ દેશો કરી રહ્યા હોવા છતાં સ્થિતી સુધારો થઇ રહ્યો નથી. સ્પેન, અમેરિકા, ઇટાલી સહિતના દેશો વધારે અસરગ્રસ્ત થયા છે. તેમના પગલા પણ હવે અપુરતા સાબિત થઇ રહ્યા છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. દુનિયાના દેશો માની રહ્યા છે કે હજુ એપ્રિલના મહિના સુધી તેનો આતંક યથાવત રીતે જારી રહી શકે છે. કારણ કે કેસોની સંખ્યા વધી છે. હજુ ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા હજારોમાં રહેલી છે. આવી સ્થિતીમાં દુનિયાના દેશમાં રિકવરીમાં સમય લાગી શકે છે. અમેરિકા, ઇટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઇ છે. જ્યારે ચીન, દક્ષિણ કોરિયા અને જાપાન સહિતના દેશોમાં સ્થિતી હળવી કરવામાં આવી રહી છે. યુરોપમાં ઇટાલી બાદ હવે સ્પેન અમે અમેરિકા પણ ભારે મુશ્કેલી છે. સ્પેનમાં હવે ચીન કરતા વધારે કેસો થઇ ચુકયા છે.

ક્યાં	વિશ્વ	ભારત	ગુજરાત	ગાંધીનગર
કેસ	૧૩૮૬૧૬૧	૫૨૩૭	૧૭૫	૧૩
મૃત્યુ	૭૯૦૧૪	૧૫૦	૧૫	૦૦
રિકવર	૩૨૨૮૪૦	૪૨૧	૨૫	૨

ભારતમાં કોરોનાનું રૌદ્ર રૂપ

દેશમાં કોરોના કેસોની સંખ્યા વધીને ૫૨૩૭ : મૃતાંક ૧૫૦ : લોકડાઉન સ્થિતીમાં તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસ વધ્યા

નવી દિલ્હી, તા.૭

કોરોના વાયરસનો કહેર દુનિયાની સાથે સાથે ભારતમાં પણ વધી રહ્યો છે.દુનિયાભરમાં આ બિમારીના કારણે હજારોની સંખ્યામાં મોત થઇ ચુકયા છે. ભારતમાં પણ આ જીવલેણ કોરોના વાયરસના કારણે ૧૩૬ લોકો દમ તોડી ચુકયા છે. આવી જ રીતે ભારતમાં કુલ કેસોની સંખ્યા હવે પાંચ હજારની નજીક પહોંચી ગઇ છે. આજે ભારતમાં અનેક નવા કેસો જુદા જુદા રાજ્યોમાં સપાટી પર આવ્યા હતા. આની સાથે જ કેસોની સંખ્યા

વધીને હવે ૫૨૩૦થી વધારે સુધી પહોંચી ગઇ છે. આવી જ રીતે મોતનો આંકડો પણ વધી રહ્યો છે. ભારતમાં કોરોનાના કારણે સૌથી વધારે પ્રભાવિત રાજ્યોમાં મહારાષ્ટ્ર, દિલ્હી, તમિળનાડ, તેલંગાણા, ઉત્તરપ્રદેશ અને અન્ય રાજ્યોનો સમાવેશ થાય છે. તમિળનાડુમાં પણ કેસોની સંખ્યા ૬૦૦ના આંકડાને પાર કરી ગઇ છે. સારી બાબત એ છે કે સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા ૩૨૬ ઉપર પહોંચી છે. મહારાષ્ટ્ર , કર્ણાટક, કેરળ, રાજસ્થાન, તમિળનાડુ,

● અનુસંધાન પાન-૭ પર

છેલ્લે... છેલ્લે...

- પાકિસ્તાનમાં કોરોના દર્દીઓની સેવા કરતા ડૉક્ટરોની ધરપકડ.
- જેરુસલમમાં ૭૦૦ વર્ષ બાદ કોરોનાના પગલે કબ્રવાળું ચર્ચ બંધ કરાયું.
- મેક્સિકોમાં વાઘણે જન્મ આપેલા બેબી ટાઈગરનું કોવિડ રખાયું.
- ન્યુઝીલેન્ડના આરોગ્ય મંત્રીએ લોકડાઉનના ભંગ કર્યો અને બાદ પોતાની જાતને જ મૂર્ખ ગણાવી.
- કેન્દ્ર સરકાર લોકડાઉનના પગલે હાલાકી ભોગવી રહેલ ખેડુતો માટે ખાસ પેકેજ યોજના તૈયાર કરી રહી છે.
- સોના-ચાંદીના વૈશ્વિક બજારમાં ભારે ઉછાળ.
- લોકડાઉનના પગલે દેશમાં પેટ્રોલ - ડીઝલની માંગમાં ભારે ગીરાવટ.
- રાજકોટમાં પ્રથમ વાર લાઉડસ્પીકર સહિતનું ડ્રોન ઉતારાયું.
- અમદાવાદમાં નહેરુબ્રિજ તાત્કાલિક અસરથી પ્રતિબંધિત કરાયો.
- અમદાવાદનું કાલુપુર માર્કેટ પણ આજે સાંજથી બંધ કરાયું.
- દેશમાં સૌથી વધુ કેસ ધરાવતા રાજ્યો

મહારાષ્ટ્ર	૧૦૧૮
તામિલનાડુ	૬૯૦
દિલ્હી	૫૫૦
કેરાલા	૩૩૬
ઉત્તરપ્રદેશ	૩૦૫
તેલંગાણા	૪૦૪
રાજસ્થાન	૩૨૮
આંધ્રપ્રદેશ	૩૦૪
કર્ણાટક	૧૭૫
મધ્યપ્રદેશ	૨૬૮

- મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેના અંગત નિવાસસ્થાન માતોશ્રીની પાસે એક ચાવાળામાં કોરોના વાયરસ પોઝિટીવ આવતા દહેશત વધી છે.

કોરોના સામેના જંગમાં દિલ્હી સરકાર પાંચ-ટી પર કામ કરશે

કોરોનાથી ૩ પગલા આગળ રહેવાની હવે તાકિદની જરૂર : દિલ્હીમાં ટેસ્ટિંગ, ટ્રેસિંગ, ટ્રિટમેન્ટ, ટીમવર્ક, ટ્રેકિંગ ઉપર કામ કરવાની જરૂર

નવી દિલ્હી, તા. ૭

પાટનગર દિલ્હીમાં કોરોના વાયરસને રોકવા માટે દિલ્હી સરકાર કયા પગલા લેશે તેને લઈને આજે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વિગતવાર માહિતી આપી હતી. કેજરીવાલે કહ્યું હતું કે, દિલ્હી સરકાર કોરોનાને રોકવા માટે વિશેષ યોજના પર કામ કરી રહી છે જેનું પાંચટી નામ રાખવામાં આવ્યું છે જેમાં ટેસ્ટિંગ, ટ્રેસિંગ, ટ્રિટમેન્ટ, ટીમવર્ક અને ટ્રેકિંગ એન્ડ મોનિટરિંગનો સમાવેશ થાય છે. કેજરીવાલે કહ્યું હતું કે, જો દિલ્હીમાં ૩૦૦૦૦ એક્ટિવ દર્દીઓની સંખ્યા છે તો પણ સરકાર તૈયાર છે. હાલમાં દર્દીઓની સંખ્યા ૫૦૦ છે. કેજરીવાલે તબીબો, નર્સને આ જંગમાં મહત્વપૂર્ણ વ્યક્તિ તરીકે ગણાવીને તેમની સાથે સારુ વર્તન કરવા પડોશીઓને અપીલ કરી હતી. દિલ્હીમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. કેજરીવાલે

કહ્યું છે કે, અમને કોરોના કરતા ૩ પગલા આગળ રહેવાની જરૂર છે. જો ઉંઘતા રહીશું તો કોરોનાને કન્ટ્રોલ કરી શકાશે નહીં. કેજરીવાલે તમામના અર્થ પણ બતાવ્યા હતા.

સેંસેક્સમાં ૨૪૭૬ પોઈન્ટનો સુધારો

૨૦૦૯ બાદથી એક દિવસમાં ભારતીય ઇક્વિટી માર્કેટના ઇતિહાસમાં સૌથી મોટો ઉછાળો નોંધાયો : રિલાયન્સ સહિત ઇન્ડેક્સ હેવીવેઇટમાં રેકોર્ડ લેવાલી

મુંબઈ, તા. ૭

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સમાં જોરદાર તેજી રહી હતી. કારોબારના અંતે આજે સેંસેક્સ ૨૪૭૬ પોઈન્ટ ઉછળીને નવી ઉંચી સપાટી ઉપર પહોંચ્યો હતો. સેંસેક્સની સપાટી ૩૦૦૬૭ રહી હતી. તેમાં ૮.૯૭ ટકાનો ઉછાળો રહ્યો હતો. બીજી બાજુ નિફ્ટીમાં ૭૦૨ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો. તેની સપાટી ૮૭૮૫ રહી હતી. તેમાં ૮.૬૯ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. કોમોડિટી વાયદામાં પણ તેજીના પ્રવાહમાં સુધારાના સંકેત દેખાઈ રહ્યા છે. આજે શેરબજારમાં આવેલી તેજીના લીધે કારોબારી ખુશખુશાલ દેખાયા હતા.

દિવસ દરમિયાન સેંસેક્સ ૩૦૧૫૭ની ઉંચી તથા ૨૮૬૦૨ની નીચી સપાટીએ રહ્યો હતો. આવી જ રીતે નિફ્ટી પણ ૮૮૧૯ની ઉંચી અને ૮૩૬૦ની નીચી સપાટીએ રહ્યો હતો. છેલ્લા ૧૦ વર્ષમાં સેંસેક્સની આ સૌથી મોટી એક દિવસની તેજી છે. કોરોના મહામારીના પરિણામ સ્વરુપે શેરબજારમાં જોરદાર તેજી આશ્ચર્ય જગાવે તે પ્રકારની છે. ઈક્વિટી માર્કેટમાં આજે એક દિવસનો સૌથી મોટો ઉછાળો ૨૦૦૯ બાદથી નોંધાયો હતો.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંકમાં જોરદાર લેવાલી જામી હતી. ફ્રન્ટલાઈન ઈન્ડેક્સમાં પણ ઉલ્લેખનીય તેજી રહી હતી. ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં ૧૭ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. રિટેલ ડિપોઝિટમાં પણ ઉછાળો જોવા મળ્યો હતો. એક્સિસ બેંકમાં ૧૫ ટકાનો ઉછાળો રહ્યો હતો.

આઈસીઆઈસીઆઈ બેંક, હિન્દુસ્તાન યુનિલીવર, સનફાર્મામાં ૧૦૧૦ ટકાનો ઉછાળો રહ્યો હતો. તમામ નિફ્ટી સેક્ટરલ ઈન્ડેક્સમાં તેજી જામી હતી. નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સમાં ૧૦ ટકા સુધીનો ઉછાળો રહ્યો હતો.